**કેવિકે વ્યારા દ્વારા જમીન ચકાસણીનુ મહત્વ અને ઉનાળામાં દુધાળા પશુઓની માવજત વિશે ડાયલ આઉટ કોન્ફરન્સ દ્વારા માર્ગદર્શન અપાયુ.**

કોરોના વાયરસને કારણે લોકડાઉનની પરિસ્થિતિમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ન.કૃ.યુ, વ્યારાએ રિલાયન્સ ફાઉન્ડેશનના સહકાર વડે ડાયલ આઉટ કોન્ફરન્સ ઓનલાઈન ક્ષેત્રિય તાલીમ કાર્યક્રમ દ્વારા ખેડૂતોને ખેતી અને પશુપાલન અંગે માર્ગદર્શન આપવાનો નવતર પ્રયોગ કર્યો હતો. સદર તાલીમમાં રિલાયન્સ ફાઉન્ડેશનના રેનીશભાઈ ભરૂચવાલાએ સુત્રસંચાલન સંભાળ્યુ હતુ. કેવિકેના વડા ડૉ.સી.ડી.પંડયાએ ખેડૂતોને કોરોના વાયરસથી બચવા અંગે જાગૃત કરી "આરોગ્ય સેતુ" એપ્લીકેશન ડાઉનલોડ કરવાની અપીલ કરી હતી. તેમજ ભારત સરકાર દ્વારા વિકસાવેલ "કિસાન રથ" એપ વિષે પણ વિસ્તૃત સમજણ આપી હતી.

શ્રી કે. એન. રાણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) એ જમીનના નમૂના લેવાની રીત, જમીન પૃથકકરણનુ મહત્વ તથા પાક ઉત્પાદન પર તેની અસરો વિશે વિસ્તૃતમાં માહિતી આપી હતી. પશુવિજ્ઞાનના વૈજ્ઞાનિક ડૉ. જે. બી. બુટાણીએ ઉનાળાની ઋતુમાં ગાય ભેંસના દુધ ઉત્પાદન પર થતી નકારાત્મક અસરો જેવીકે, દૂધ ઉત્પાદનમાં ઘટાડો, પશુઓમાં આફરો ચડવો, ખોરાકમાં ઘટાડો વગેરે અને તેને નિવારણ માટે લેવાતા જરૂરી પગલાઓ જેવાકે, દિવસ દરમ્યાન પાણીનું પ્રમાણ વધારવું, ટુકડા કરીને લીલો ચારો આપવો, દિવસમાં ત્રણથી ચાર વખત નિરણ કરવું વગેરે વિશે વિગતવાર સમજણ આપી હતી. વધુમાં પશુપાલકોમાં પેદા થયેલી કોરોના વિશેની વિભિન્ન ગેરમાન્યતાઓ પણ દુર કરી હતી. ત્યારબાદ અનુક્રમે ખેડૂતોના મૂંઝવતા પ્રશ્નોનુ પણ નિરાકરણ કરવામાં આવ્યુ હતુ. સદર તાલીમ કાર્યક્રમમાં કુલ ૪૯ ખેડૂતોએ પોતાના ઘરેથી ખૂબ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.

